# નિકાસને મજબૂત કરવા માટે ગુજરાતે "લેવરેજિંગ FTAs – આઉટરીચ પ્રોગ્રામ" પર રાજ્ય સ્તરીય વર્કશોપનું આયોજન કર્યું

કમલમ્,

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણવિભાગે, વાણિજ્યઅને ઉદ્યોગમંત્રાલય, ભારત સરકારના ડાયરેક્ટોરેટજનરલ ઓફ ફોરેનટ્રેડ (DGFT) ના સહયોગથી, એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), ગાંધીનગર ખાતે "લેવરેજિંગ FTAs – આઉટરીચ પ્રોગ્રામ" શીર્ષક હેઠળ રાજ્યસ્તરીય વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય નિકાસકારો, ઉત્પાદકો અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને ઉભરતી આંતરરાષ્ટ્રીય બજારની તકો, સુધારેલી બજાર પહોંચ અને ભારતના મુક્ત વ્યાપાર કરારો (FTAs) હેઠળ ઉપલબ્ધ પ્રેફરન્શિયલ વેપાર લાભો વિશે જાગૃત કરવાનો હતો. વર્કશોપમાં ગુજરાતની નિકાસ સ્પર્ધાત્મકતાને મજબૂત કરવા અને MSMEs ને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવામાં સક્ષમ બનાવવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવા માટે વરિષ્ઠ સરકારી અધિકારીઓ, નિકાસ પ્રોત્સાહન એજન્સીઓ, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને અન્ય હિતધારકો એકત્ર થયા હતા. ગુજરાત સરકારના MSME કમિશનર સુશ્રી ક્ષિપ્રા એસ. અગ્રેએ




રાજ્યના MSME ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને નિકાસ પ્રોત્સાહન પહેલોમાં સાહસોની વધુ ભાગીદારી સુવિધાજનક બનાવવા અંગે તેમના વિચારો રજૂ કર્યા હતા. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજય ભાદુએ પણ ગુજરાતની ઔદ્યોગિક અને નિકાસ ક્ષમતાને મજબૂત કરવા માટેની તકો અને પ્રાથમિકતાઓ પર પોતાની આંતરદ્રષ્ટિ શેર કરી હતી. ભારત સરકારના વાણિજ્ય વિભાગના એડિશનલ સેક્રેટરી શ્રી યશવીર સિંહે FTAs અને પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસનો લાભ લેવા અંગે માહિતી આપી હતી, જેમાં વેપાર કરારોને સમજવાના અને ભાગીદાર બજારોમાં ભારતીય વ્યવસાયો માટેની તકો ઓળખવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સભાસદોને સંબોધતા, ગુજરાત સરકારના ઉદ્યોગ અને MSME માનનીય રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે ગુજરાતના ઉદ્યોગો અને MSMEs ની સ્પર્ધાત્મકતાને મજબૂત કરવા માટે ભારતના FTAs નો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે નિકાસની તકો વિસ્તારવા, ઉત્પાદન ગુણવત્તા સુધારવા અને સાહસોને આંતરરાષ્ટ્રીય બજાર પહોંચથી લાભ મેળવવા સક્ષમ બનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) ના જોઈન્ટ ડાયરેક્ટર જનરલશ્રી રાહુલ સિંહે 'ડિસ્ટ્રિક્ટ્સ એઝ એક્સપોર્ટ હબ્સ' પહેલ અને એક્સપોર્ટ પ્રમોશન મિશન વિશે માહિતી આપી હતી, જેમાં જિલ્લા સ્તરના નિકાસ આયોજન અને સ્થાનિક ઉત્પાદનોની ઓળખ કરવા, નિકાસ ક્ષમતાઓ મજબૂત કરવા અને સાહસોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડવા માટેના સંકલિત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. ટ્રેડ કનેક્ટ ઈ-પ્લેટફોર્મ (Trade Connect ePlatform) પરના એક સમર્પિત સત્રમાં સહભાગીઓને ડિજિટલ પ્લેટફોર્મ અને વેપાર સંબંધિત માહિતી તથા બજારની તકો સુધી પહોંચ દ્વારા નિકાસ પ્રોત્સાહનને ટેકો આપવાની તેની ક્ષમતાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એન્જિનિયરિંગ, સિરામિક્સ, એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ સહિત ગુજરાતના વર્તમાન અને ઉભરતા નિકાસ ક્ષેત્રો પર પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ચર્ચાઓમાં ઉત્પાદન-વિશિષ્ટ અને દેશ-વિશિષ્ટ નિકાસ વ્યૂહરચનાઓ, રૂલ્સ ઓફ ઓરિજિન અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન, માર્કેટ ઈન્ટેલિજન્સ સુધી પહોંચમાં સુધારો અને મજબૂત ખરીદદાર-વેચનાર સંબંધોની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમે FTAની તકોને મૂર્ત નિકાસ પરિણામોમાં પરિવર્તિત કરવા માટે સરકારી વિભાગો, DGFT, એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ, ઉદ્યોગ મંડળો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે સંકલિત કાર્યવાહીના મહત્વ પર ભાર મૂક્યો હતો. ક્ષમતા નિર્માણ, નિકાસ-સજ્જતા સહયોગ અને લક્ષિત બજાર સુવિધા દ્વારા, ગુજરાત વૈશ્વિક વેપારમાં MSME ની ભાગીદારીને મજબૂત કરવા અને વધુ વૈવિધ્યસભર, સ્થિતિસ્થાપક અને મૂલ્ય-વર્ધિત નિકાસ ઈકોસિસ્ટમને પ્રોત્સાહિત કરવાનું લક્ષ્ય રાખે છે. આ વર્કશોપમાં ૫ મુખ્ય ક્ષેત્રોને આવરી લેતા ક્ષેત્ર-વિશિષ્ટ બ્રેકઆઉટ સત્રો પણ યોજાયા હતા: (i) કૃષિ, ડેરી, મરીન અને ફૂડ પ્રોસેસિંગ; (ii) ટેક્સટાઈલ્સ, એપેરલ અને મેડ-અપ્સ; (iii) રસાયણો, પેટ્રોકેમિકલ્સ, મેડિકલ ઈક્વિપમેન્ટ, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજી; (iv) જેમ્સ એન્ડ જ્વેલરી; અને (v) એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર્સ. આ સત્રો ભારતના FTAs હેઠળ ક્ષેત્ર-વિશિષ્ટ નિકાસ તકોની ઓળખ કરવા, પ્રેફરન્શિયલ ટેરિફ લાભો, રૂલ્સ ઓફ ઓરિજિન અને લાગુ પડતા ગુણવત્તા ધોરણો તથા બિન-ટેરિફ જરૂરિયાતોને સમજવા પર કેન્દ્રિત હતા. વિચાર-વિમર્શ દરમિયાન એ બાબત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે MSMEs કેવી રીતે યોગ્ય આંતરરાષ્ટ્રીય બજારોની ઓળખ કરીને, ઉત્પાદનની ગુણવત્તા અને પાલનમાં સુધારો કરીને, માર્કેટ ઈન્ટેલિજન્સ મેળવીને, વિદેશી ખરીદદારો સાથે સંબંધો સ્થાપિત કરીને અને વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલાઓમાં સંકલિત થઈને આ કરારોમાંથી લાભ મેળવી શકે છે. ક્ષેત્રીય ચર્ચાઓથી ગુજરાતના MSMEs ને FTA તકોને મૂર્ત નિકાસ વૃદ્ધિમાં પરિવર્તિત કરવામાં મદદ કરવા માટે લક્ષિત હસ્તક્ષેપો સાથે વ્યાપક સ્ટેટ એક્શન પ્લાન તૈયાર કરવામાં મદદ મળવાની અપેક્ષા છે. વર્કશોપમાં ગુજરાતના ઉત્પાદનોને વૈશ્વિક બજારો સુધી પહોંચાડવા અને ભારતની નિકાસ વૃદ્ધિમાં MSMEs ના યોગદાનને મજબૂત કરવાની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. અસરકારક અમલીકરણ માટે, FTAs નો લાભ લેવા અંગેના જિલ્લા સ્તરીય વર્કશોપ ગુજરાતના દરેક જિલ્લામાં યોજવામાં આવશે. આ વર્કશોપ સ્થાનિક MSMEs અને નિકાસકારોમાં જાગૃતિ લાવવા, જિલ્લા-વિશિષ્ટ નિકાસ તકોની ઓળખ કરવા અને સાહસોને ભારતના FTAs થી લાભ મેળવવામાં મદદ કરવા માટે સંબંધિત માહિતી, માર્ગદર્શન અને સંસ્થાકીય સહાય સુધી પહોંચ સુવિધાયુક્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે."

# ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અદ્યક્ષાસ્થાને ધરમપુરના બામટી ખાતે 'મિલેટ્સ ફેસ્ટિવલ' યોજાયો




કમલમ્, વલસાડ

ધરમપુર તાલુકાની આદર્શ નિવાસી શાળા, બામટી ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને NFSM–Nutri Cereal (મિલેટ્સ ફેસ્ટિવલ) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી અન્ન (મિલેટ્સ) ના મહત્વ અને પોષણયુક્ત આહાર અંગે જનજાગૃતિ લાવવા માટે એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રોજિંદા જીવનમાં શ્રી અન્નના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને તેનાથી થતા સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે લોકોને માહિતગાર કરવાનો હતો. આ ઉપરાંત, સ્થાનિક ખેડૂતોને મિલેટ્સ (જાડા ધાન્ય) ના વધુ ઉત્પાદન તરફ વળવા માટે માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. પોષણયુક્ત આહારને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોને મિલેટ્સના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવાના આ સઘન પ્રયાસો આવનારા સમયમાં એક સ્વસ્થ સમાજના નિર્માણની સાથે સાથે સમૃદ્ધ કૃષિ ક્ષેત્રના વિકાસમાં પણ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ આ તકે વ્યક્ત કરવામાં આવ્યો હતો. મિલેટ્સ ફેસ્ટિવલના આ કાર્યક્રમ થકી 'સ્વસ્થ ભારત, સમૃદ્ધ કિસાન' ના સંકલ્પને વધુ બળ મળ્યું છે.

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સૌજન્ય મુલાકાતે વાઈસ એડમિરલ શ્રી સંજય વાત્સયન

## ગુજરાતના વિશાળ અને વ્યૂહાત્મક સમુદ્ર કિનારાની સુરક્ષા તથા દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાઓ અંગે થઈ સાર્થક ચર્ચા



કમલમ્,

ભારતીય નૌકાદળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ઈન-ચીફ વાઈસ એડમિરલ શ્રી સંજય વાત્સયને ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી અને વાઈસ એડમિરલશ્રી વચ્ચે સાર્થક ચર્ચા થઈ હતી. વાઈસ એડમિરલ શ્રી સંજય વાત્સયને ગત મે-૨૦૨૬થી ભારતીય નૌકાદળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ઉપમા ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ઈન-ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

તેમણે રાજ્યપાલશ્રી સમક્ષ ગુજરાતના વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ અને વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા તેમજ ભારતીય નૌ સેના દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ સુરક્ષાત્મક ગતિવિધિઓની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.

વર્ષ ૧૯૮૮થી ભારતીય નૌકાદળમાં સેવારત અને અનેક અગ્રણી યુદ્ધ જહાજો પર સેવાઓ આપી ચૂકેલા શ્રી સંજય વાત્સયને વેસ્ટર્ન નેવલ કમાન્ડનો પદભાર સંભાળતા પૂર્વે નેવલ હેડ ક્વાર્ટર્સ ખાતે વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ તરીકે ઉત્કૃષ્ટ ફરજો બજાવી છે. ઉલ્લેખનીય છે કે, વેસ્ટર્ન નેવલ કમાન્ડના નેતૃત્વ હેઠળ સમગ્ર અરબી સમુદ્ર, પશ્ચિમ હિન્દ મહાસાગર તેમજ વૈશ્વિક સ્તરે વેપાર અને ઊર્જા માર્ગોના મહત્વપૂર્ણ ચેક પોઈન્ટ્સનું રક્ષણ કરવા તથા દેશના પશ્ચિમી દરિયાકાંઠાની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં કમાન્ડની મુખ્ય ભૂમિકા રહેલી છે.

# કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અદ્યક્ષાસ્થાને કપરાડા ખાતે કૃષિ વૈવિદયકરણ યોજના (રવિ ઋતુ) અંતર્ગત આદિજાતિ ખેડૂતોને બિયારણ અને ખાતરનું વિતરણ કરાયું



કમલમ્, વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા ખાતે રવિ ઋતુ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને બિયારણ અને ખાતર વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ખેડૂતો સાથે સીધો અને હકારાત્મક સંવાદ સાધ્યો હતો. જી.એફ.એસ.સી. એગ્રોટેક લિ. દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આદિજાતિ વિસ્તારના શ્રમજીવી ખેડૂતોને ખેતી માટે જરૂરી ગુણવત્તાયુક્ત સાધનસામગ્રી ઉપલબ્ધ કરાવવાનો છે. આ સહાય થકી ખેડૂતોની ખેતીને વધુ સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ઉત્પાદનક્ષમ બનાવવાની દિશામાં એક સાર્થક પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને સમયસર બિયારણ અને ખાતર મળી રહે, તેમના કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થાય અને સરવાળે તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બને તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આદિજાતિ ખેડૂતોના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે સરકારની આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# બારડોલી લોકસભા વિસ્તારના ૧૧ ગામોમાં સાંસદ પ્રભુભાઈ વસાવાની ગ્રાન્ટમાંથી ઈલેક્ટ્રિક હાઈમાસ્ટ ટાવર સ્થાપિત કરાયા

## દિવાળી તેમજ જાહેર ઉત્સવો દરમિયાન ઉપયોગી બનશે





કમલમ્, સુરત

બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાની સાંસદ ગ્રાન્ટમાંથી બારડોલી લોકસભા હેઠળ આવતા વિવિધ ગામોમાં 'ઈલેક્ટ્રિક હાઈમાસ્ટ ટાવર' સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં રોશની અને જનસુવિધામાં મોટો વધારો થશે. માંડવી તાલુકાના કેવડિયા, સાદડી, બલાનીજા, ચોરાંબા, બોરી, વરેઠી, દેવગઢ, ખજરોલી, વરેઠ, કામરેજ તાલુકાના ડુંગર ગામ અને કામરેજ ચાર રસ્તા મળીને કુલ ૧૧ ગામોમાં ટાવર ઉભા કરાયા છે. ગામના સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા સાંસદશ્રીને જાહેર સ્થળોએ યોગ્ય પ્રકાશ વ્યવસ્થા માટે રજૂઆતો કરવામાં આવી હતી. ખાસ કરીને નવરાત્રિ, દિવાળી જેવા પવિત્ર તહેવારો દરમિયાન માતાજીના ગરબા, સાંસ્કૃતિક ઉત્સવો તેમજ અન્ય સામાજિક પ્રસંગો જ્યાં યોજાય છે તેવા મુખ્ય જાહેર સ્થળો પર પૂરતો પ્રકાશ મળી રહે તે પ્રાથમિકતા હતી. લોકલાગણી અને જરૂરિયાતને ધ્યાને રાખીને સાંસદશ્રી દ્વારા આ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી છે. ગામના આગેવાનો અને સ્થાનિક નાગરિકોએ આ લોકઉપયોગી કાર્ય બદલ સાંસદશ્રીનો આભાર વ્યક્ત કર્યો છે. સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, "ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને શહેર જેવી ઉત્તમ સુવિધાઓ મળી રહે તે અમારો સતત પ્રયાસ રહ્યો છે. આ હાઈમાસ્ટ ટાવર લાગવાથી માત્ર ઉત્સવો દરમિયાન જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં પણ રાત્રિના સમયે ગ્રામજનોની અવરજવર વધુ સુગમ અને સુરક્ષિત બનશે."

# 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરશે દ્વારકાનું "શ્રી કૃષ્ણ મ્યુઝિયમ"

## આધ્યાત્મિક વારસો, ભારતીય સંસ્કૃતિ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી રૂ. ૯૨.૭૦ કરોડના ખર્ચે બનશે શ્રી કૃષ્ણ મ્યુઝિયમ









## નવ થીમેટિક ગેલેરીઓ અને અદ્યતન ડિજિટલ ટેકનોલોજી દ્વારા નવી પેઢી સુધી પહોંચશે શ્રી કૃષ્ણની દિવ્ય લીલાઓ અને ગીતાનો શાશ્વત સંદેશ

કમલમ્,

ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરા વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. આ સાંસ્કૃતિક ધરોહર માત્ર આપણા ભવ્ય ઈતિહાસનું ગૌરવ જ નથી પરંતુ ભાવિ પેઢીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત, જીવનમૂલ્યોનો આધાર અને રાષ્ટ્રના સાંસ્કૃતિક આત્મવિશ્વાસનું પ્રતીક છે. આ અમૂલ્ય વારસાને જાળવીને તેને આધુનિક અભિગમ સાથે નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરવાની દિશામાં દ્વારકામાં 'શ્રી કૃષ્ણ સંગ્રહાલય'નું નિર્માણ થઈ રહ્યું છે.

ચાર ધામ પૈકીના એક ધામ, ભારતની પવિત્ર સપ્તપુરીમાં સ્થાન ધરાવતી નગરી અને ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા આ સંગ્રહાલયના માધ્યમથી આધ્યાત્મિકતા અને આધુનિકતાના અનોખા સમન્વયનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનદર્શન, દિવ્ય લીલાઓ, માનવમૂલ્યો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શાશ્વત સંદેશને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી જનજન સુધી પહોંચાડવાનો આ પ્રયાસ ભારતીય સંસ્કૃતિની ભવ્યતાને નવી પેઢી સમક્ષ જીવંત કરશે.

### રૂ. ૯૨.૭૦ કરોડનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ

દ્વારકાધીશ મંદિરથી આશરે ૧.૬ કિલોમીટરના અંતરે કુલ રૂ. ૯૨.૭૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહેલું શ્રી કૃષ્ણ સંગ્રહાલય રાજ્ય સરકારનો મહત્ત્વાકાંક્ષી સાંસ્કૃતિક પ્રકલ્પ છે. આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્ર, તેમની દિવ્ય લીલાઓ, તેમના તત્ત્વજ્ઞાન અને ભગવદ્ ગીતાના જીવનોપયોગી સંદેશને એક જ સ્થળે, સુવ્યવસ્થિત અને આકર્ષક રીતે રજૂ કરવાનો છે. અહીં પરંપરાગત સંગ્રહાલયની કલ્પનાથી આગળ વધીને આધુનિક ડિજિટલ માધ્યમો દ્વારા મુલાકાતીઓને વિષય સાથે ભાવનાત્મક અને બૌદ્ધિક રીતે જોડશે. સંગ્રહાલયમાં શ્રી કૃષ્ણના જીવનના અનુરૂપ વિવિધ નવ થીમ આધારિત ગેલેરીઓનું નિર્માણ થઈ રહ્યું છે.

આ ઉપરાંત વિશેષ લેન્ડસ્કેપ વિસ્તાર, કમળ તળાવ, લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન શો અને એમ્ફિથિયેટર જેવી સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે. આ તમામ વ્યવસ્થાઓ સંગ્રહાલયને જ્ઞાન, સૌંદર્ય, આધ્યાત્મિકતા અને મનોરંજક શૈક્ષણિક અનુભવનું સંયુક્ત કેન્દ્ર બનાવવામાં સહાયક બનશે.

### નવ ગેલેરીઓમાં શું શું હશે?

શ્રી કૃષ્ણ સંગ્રહાલયનુ વિશેષ આકર્ષણ તેની નવ થીમ આધારિત ગેલેરીઓ હશે, જેમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનના વિવિધ પ્રસંગો અને તેમના તત્ત્વજ્ઞાનના અલગ-અલગ આયામોને રજૂ કરવામાં આવશે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી શરૂ થતી આ યાત્રામાં તેમની બાળલીલાઓ, ગોકુલ અને વૃંદાવનના પ્રસંગો, ગોવર્ધન પર્વત ધારણ કરવાની લીલા, કાળિય નાગનું મર્દન અને રાસલીલા જેવા પ્રસંગોને વિશેષ સ્થાન મળશે. આ ઉપરાંત મથુરા ગમન, કંસવધ, સુવર્ણનગરી દ્વારકાની સ્થાપના અને મહાભારતમાં શ્રીકૃષ્ણની નિર્ણાયક ભૂમિકા પણ રજૂ કરાશે. શિલ્પો, ચિત્રો, વિવિધ કળાકૃતિઓ, હસ્તકલા અને પ્રતિકૃતિઓ દ્વારા આ પ્રસંગોને દૃશ્યાત્મક રીતે રજૂ કરવામાં આવશે. પરિણામે મુલાકાતીઓ માટે શ્રીકૃષ્ણના જીવન અને તેમના ઉપદેશોને માત્ર વાંચવા કે સાંભળવા પૂરતા નહીં, પરંતુ અનુભવીને સમજવાની તક ઊભી થશે.

### આધુનિક ટેકનોલોજીથી જીવંત બનશે ભારતીય સંસ્કૃતિ

આધુનિક યુગમાં નવી પેઢી સુધી ઐતિહાસિક અને સાંસ્કૃતિક જ્ઞાન પહોંચાડવા માટે ટેક્નોલોજી અત્યંત અસરકારક માધ્યમ બની છે. શ્રી કૃષ્ણ સંગ્રહાલયમાં આ બાબતને ધ્યાનમાં રાખીને અદ્યતન ડિજિટલ અને ઈમર્સિવ ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવશે. ઈમર્સિવ ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ, ઈન્ટરએક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે, 3D પ્રોજેક્શન મેપિંગ, ટચસ્ક્રીન માહિતી કિઓસ્ક અને મોશન સેન્સર આધારિત અનુભવો દ્વારા મુલાકાતીઓને શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો સાથે વધુ નજીકથી જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

થીમેટિક લાઈટિંગ, સાઉન્ડસ્કેપ, ડિજિટલ સ્ટોરીટેલિંગ અને મલ્ટીમીડિયા પ્રોજેક્શનના સંકલનથી સંગ્રહાલયની મુલાકાત એક વિશિષ્ટ અનુભૂતિ બની શકે છે. ટેકનોલોજી અહીં માત્ર આકર્ષણનું સાધન નહીં, પરંતુ ભારતીય જ્ઞાનપરંપરાને સરળતાથી સમજવા અને તેના જીવનમૂલ્યોને આત્મસાત્ કરવા માટેનું માધ્યમ બનશે.

### આધ્યાત્મિકતા સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય

વિશ્વસ્તરીય સાંસ્કૃતિક સ્થળ તરીકે સંગ્રહાલયનો વિકાસ કરવા માટે માત્ર પ્રદર્શનો પૂરતા નથી; મુલાકાતીઓની સુવિધા અને સુલભતા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રકલ્પમાં ડિજિટલ માહિતી વ્યવસ્થા, વિઝિટર ડેસ્ક, દિવ્યાંગજનો માટે પ્રવેશની સુવિધાઓ, કેફે, સોવેનિયર શોપ અને સુવ્યવસ્થિત પાર્કિંગ જેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે.

### પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને મળશે નવી ગતિ

દ્વારકામાં દેશના વિવિધ રાજ્યો ઉપરાંત વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો અને પ્રવાસીઓ આવે છે. દ્વારકાધીશ મંદિર, સમૃદ્ધ પૌરાણિક પરંપરા અને સમુદ્રકિનારો દ્વારકાની વિશેષ ઓળખ છે. જેમાં આગામી સમયમાં શ્રી કૃષ્ણ સંગ્રહાલય પ્રવાસીઓ માટે ધાર્મિક દર્શનની સાથે સાંસ્કૃતિક અભ્યાસ, ઈતિહાસની સમજ અને આધુનિક ટેકનોલોજી આધારિત અનુભવનું કેન્દ્ર બનશે. આવા પ્રકલ્પોથી સ્થાનિક પ્રવાસનને વેગ મળવાની, પરિવહન, હસ્તકલા, સ્થાનિક વેપાર અને આતિથ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને નવી તકો મળવાની સંભાવના છે.

### વૈશ્વિક મંચ પર ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ

શ્રી કૃષ્ણ સંગ્રહાલય ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસનને નવી ઓળખ આપવામાં મદદરૂપ બની શકે છે. સાથે જ તે ભારતની આધ્યાત્મિક પરંપરા અને આધુનિક વિકાસ વચ્ચેના સુમેળનું પ્રતીક બની શકે છે. પરંપરાગત વારસાને સાચવીને તેને નવી પેઢીની ભાષામાં રજૂ કરવાનો આ પ્રયાસ દ્વારકાની સાંસ્કૃતિક સમૃદ્ધિને ધાર્મિક અને સાંસ્કૃતિક પર્યટનના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

